

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદ – પચ્ચીસમું જ્ઞાનસત્ર

**તા. ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર, ૨૦૦૮**

યજમાનસંસ્થા : કીમ એજ્યુકેશન સોસાયટી, સ્ટેશન રોડ, કીમ. જિ. સુરત. ૩૯૪૧૧૦
(ફોન : ૦૨૬૮૧-૨૩૮૩૭૬)
જ્ઞાનસત્ર અધ્યક્ષ : શ્રી નારાયણભાઈ દેસાઈ

### જ્ઞાનસત્ર

**તા. ૨૬-૧૨-૨૦૦૮, શુક્રવાર**

**પહેલી બેઠક : બપોરના ૧૪.૩૦થી ૧૭.૧૫,** ઉદ્‌ઘાટન બેઠક

ઉદ્‌ઘાટક : શ્રી રમેશભાઈ થાનવી (રાજસ્થાન), પ્રમુખ : શ્રી નારાયણભાઈ દેસાઈ, અતિથિવિશેષ – શ્રી ભગવતીકુમાર શર્મા, વિશેષ ઉપસ્થિતિ – શ્રી રઘુવીર ચૌધરી, સ્વાગતપ્રમુખ : શ્રી સુધીરભાઈ કુલકર્ણી, સ્વાગતમંત્રી : શ્રી ઉત્તમભાઈ પરમાર
સાંજે ૧૭.૧૫થી ૧૮.૧૫ : પરિષદ શુભેચ્છકોનું ગૌરવ સન્માન

**બીજી બેઠક : રાત્રે ૨૦.૩૦થી ૨૧.૩૦**
પારિતોષિક વિતરણ કાર્યક્રમ

**ત્રીજી બેઠક : રાત્રે ૨૧.૩૦થી ૨૨.૪૫**
કાવ્યપ્રત્યક્ષ : અધ્યક્ષ : પરેશ નાયક

**તા. ૨૭-૧૨-૨૦૦૮, શનિવાર**

સવારે ૮.૦૦થી ૯.૦૦ : ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની બેઠક

**ચોથી બેઠક : ૯.૦૦થી ૧૩.૦૦ : બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૦૬-૨૦૦૭)**

| | |
|---|---|
| અધ્યક્ષ | : શ્રી રમણ સોની |
| કવિતા | : સમીર ભટ્ટ |
| નિબંધ, પ્રવાસ, ચરિત્ર | : અજયસિંહ ચૌહાણ |
| નાટક | : હૃષીકેશ રાવળ |
| વિવેચન-સંશોધન-સંપાદન | : કિશોર વ્યાસ |
| ટૂંકી વાર્તા | : ઉત્પલ રા. પટેલ |
| બાલસાહિત્ય | : ઈશ્વર પરમાર |
| નવલકથા (૨૦૦૬) | દીપક મહેતા |
| નવલકથા (૨૦૦૭) | દર્શિની દાદાવાલા |



**પાંચમી બેઠક : બપોરે ૧૫.૦૦થી ૧૮.૦૦, સર્જકવિશેષ : 'રમણલાલ વ. દેસાઈ'**

| | |
|---|---|
| અધ્યક્ષ | : શ્રી દિનકર જોશી |
| ર. વ. દેસાઈના સાહિત્યમાં સામાજિક સંદર્ભ | : પ્રકાશ ન. શાહ |
| ર. વ. દેસાઈની વાર્તાઓ | : વીનેશ અંતાણી |
| ર. વ. દેસાઈનાં નાટકો અને કવિતા | : પરેશ નાયક |
| ર. વ. દેસાઈની ઐતિહાસિક નવલકથાઓ | : ગુણવંત વ્યાસ |
| ર. વ. દેસાઈની સામાજિક નવલકથાઓ | : કીર્તિદા શાહ |

રાત્રે ૨૦.૩૦થી ૨૨.૩૦ – યજમાન સંસ્થા આયોજિત કાર્યક્રમ

**તા. ૨૮-૧૨-૨૦૦૮, રવિવાર**

**છઠ્ઠી બેઠક : સવારે ૮.૩૦થી ૧૦.૧૫, સાહિત્યસ્વરૂપ વિમર્શ : 'કવિતા'**

| | |
|---|---|
| અધ્યક્ષ | : શ્રી હરિકૃષ્ણ પાઠક |
| છાંદસ-અછાંદસ | : જયદેવ શુક્લ |
| દીર્ઘકાવ્ય | : રાજેન્દ્ર પટેલ |
| ગીત-ગઝલ | : રાજેશ વ્યાસ 'મિસ્કીન' |

**સાતમી બેઠક : સવારે ૧૦.૩૦થી ૧૨.૪૫**

નિસ્બત : 'સાહિત્ય અને સમાજ – કેટલાં અભિમુખ, કેટલાં વિમુખ ?'

| | |
|---|---|
| અધ્યક્ષ | : સુદર્શન આયંગર |
| સમાજ અને સાહિત્યનો અનુબંધ | : અચ્યુત યાજ્ઞિક, માર્ટિન મેકવાન |
| સાહિત્ય અને સમાજનો અનુબંધ | : શરીફા વીજળીવાળા, હિમાંશી શેલત |

**આઠમી બેઠક : બપોરે ૧૨.૪૫થી ૧૩.૩૦ : સમાપન બેઠક**

વિશેષ ઉપસ્થિતિ : શ્રી નારાયણભાઈ દેસાઈ, શ્રી દુર્લભ ના. પટેલ

**નોંધ :** (૧) જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતાં સૌ તા. ૧૫-૧૨-૨૦૦૮ સુધીમાં ભોજન-ઉતારા ખર્ચ અને પ્રતિનિધિ શુલ્કના રૂ. ૩૦૦/- સાહિત્ય પરિષદ કાર્યાલય, અમદાવાદ અથવા કીમ એજ્યુકેશન સોસાયટી, કીમમાં ભરીને નોંધણી કરાવી શકશે. વિદ્યાર્થીઓએ રૂ. ૧૫૦ ભરવાના રહેશે. (સાથે આચાર્યશ્રી અથવા વિભાગીય વડાનું પ્રમાણપત્ર જોડવું જરૂરી છે.) (૨) પૂરતી સંખ્યા થશે તો અમદાવાદથી ખાસ બસ લઈ જવાનું આયોજન થશે. એ માટે પરિષદ કાર્યાલય, અમદાવાદનો સંપર્ક કરવો.

### રવીન્દ્રભવનના ઉપક્રમે...

તા. ૫-૧૧-૦૮ : રવીન્દ્રભવનના ઉપક્રમે રવીન્દ્રનાથના કાવ્યસંગ્રહ 'શેષલેખા'માંના કાવ્ય 'પ્રથમ દિનેર સૂર્ય' વિશે શ્રી શૈલેષ પારેખે સંદર્ભો તેમજ અન્ય વિગતો સાથે ચર્ચા કરી. કાવ્યની સંદિગ્ધતા સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો. શ્રી નિરંજન ભગતે વેદમાંની સૂક્તિની વાત કરી, કાવ્યના અર્થને સમજવામાં તે ઉપકારક બતાવી. શ્રી ભોળાભાઈ પટેલે આ કાવ્યનું પ્રસિદ્ધ બંગાળી કવિ શંખ ઘોષે કરેલું અર્થઘટન બંગાળીમાંથી ગુજરાતીમાં મૂકી આપ્યું. અંતે કાવ્યની રહસ્યમયતા તો એક રીતે રહી જ તે સૌએ અનુભવ્યું. એક કાવ્યને જુદી જુદી રીતે તપાસવાની – શ્રોતાઓમાંથી

પણ ત્રણ-ચાર શ્રોતાઓએ ભાગ લીધો હતો – પદ્ધતિથી સૌને આનંદ રહ્યો.

### શ્રી મુકુંદ શાહ તથા કવિશ્રી આદિલ મન્સૂરીને શોકાંજલિ

તા. ૮-૧૧-૨૦૦૮ : 'નવચેતન'ના તંત્રી શ્રી મુકુંદભાઈ શાહના અવસાન નિમિત્તે પરિષદ, વિશ્વકોશ, સાહિત્યસભા, ગુજરાત સાહિત્ય અકાદમી, અખંડઆનંદ, બાળસાહિત્ય અકાદમી વગેરે સંસ્થાઓના ઉપક્રમે શોકસભાનું આયોજન થયું. શ્રી મુકુંદભાઈનાં કાર્ય વિશે એક પત્રકાર તરીકે યાદ કર્યા. સૌએ એક વ્યક્તિ તરીકેની 'એમની ઉદાત્તતા, અને કાર્યશીલતા'ને બિરદાવી.

♦

તા. ૯-૧૧-૨૦૦૮ : કવિશ્રી આદિલ મન્સૂરીના અવસાન નિમિત્તે રા. વિ. પાઠક સભાગૃહમાં ઉપર જણાવેલી સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓના ઉપક્રમે કવિને શોકાંજલિ અર્પવામાં આવી. શ્રી અમર ભટ્ટ તેમજ શ્રી શ્યામલ – સૌમિલ, નયનેશ જાની વગેરેએ કવિની ગઝલોનું ગાન કર્યું. તે પછી રાજેન્દ્ર શુક્લ, રાજેન્દ્ર પટેલ, સતીશ વ્યાસ, કૃષ્ણ દવે વગેરેએ કવિની કવિતાનાં પઠન કર્યાં. અંતે રઘુવીર ચૌધરી, પ્રો. અલવી, ચિનુ મોદી, લાભશંકર ઠાકરે – કવિની કવિતા – ગઝલનો આસ્વાદ તેમજ તેમની સાથેનો અનુભવો દ્વારા તેમનાં વ્યક્તિત્વની વાત કરી. સંચાલન તુષાર શુક્લે કર્યું. મનસુખભાઈ સલ્લાએ શોકઠરાવ પ્રસ્તુત કર્યો.

### સર્જકો સાથે સંવાદ

તા. ૧૮-૧૧-૦૮ : સર્જકો સાથે શ્રી રાજેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સંવાદ યોજાયો, જેમાં સર્જકોએ પોતાની કૃતિઓનું પઠન કર્યું.

### યશવંત પંડ્યા સ્મારક વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મહેન્દ્રસિંહ પરમારનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શિશુવિહાર : બુધસભા ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૧૧-૨૦૦૮ના રોજ સદ્. યશવંત પંડ્યા સ્મારક વ્યાખ્યાનમાળાનું ૩૩મું વ્યાખ્યાન શ્રી મહેન્દ્રસિંહ પરમારે આપ્યું. વિષય હતો 'અમે, મિથ્યાભિમાન અને આપણે'. વક્તવ્યની સમાંતરે કેટલાંક દૃશ્યો પણ સ્ક્રીન પર બતાવવામાં આવ્યાં હતાં. એક નાટકનું મંચન કરવામાં કેટલી બાબતો સાથેનું સાયુજ્ય કરવું પડે છે તેનો વક્તાશ્રીએ પોતાના અનુભવો દ્વારા તાદૃશ ચિતાર આપ્યો. લખાયેલો શબ્દ અને બોલાતો શબ્દ – એની ભેદરેખા સ્પષ્ટ કરી આપી. શ્રી અજયભાઈ પાઠકે 'શિશુવિહાર' તરફથી સ્વાગત કર્યું અને પરિચય આપ્યો હતો.

### અનુવાદ કેન્દ્ર

ગુજરાતી સાહિત્ય પરિષદે ગુજરાતીમાંથી અન્ય ભાષામાં અનુવાદિત થયેલાં પુસ્તકોની એક સૂચિ તૈયાર કરવાનો પ્રકલ્પ લીધો છે. સર્વ મિત્રોને વિનંતી કે અન્ય ભાષામાં અનૂદિત પુસ્તકોની એમને જાણકારી હોય તો તે અંગેની માહિતી, મૂળ લેખક, અનુવાદ, પ્રકાશકનાં નામ-સરનામાં સાથેની માહિતી પરિષદના અનુવાદ કેન્દ્રને જણાવે. આ સૂચિ અનુવાદ કેન્દ્રની હવે પછીની પ્રવૃત્તિને આયોજિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.